| PUBLICATION NAME : | Sandesh |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 12/03/2022 |
| PAGE : | 1 |

# EDIIના ૧૦૦ પૂર્વ વિદ્યાર્થીઓનું ગેટ ટુ ગેધર યોજાયું

**ઇડીઆઇઆઇ એલ્યુમ્ની એસોસિયેશને તેમની એલ્યુમ્ની મીટ યોજાઇ**



**સિટી લાઈફ:** EDII અને આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા એલ્યુમ્ની એસોસિયેશન (EDIIAA)એ હાઈબ્રિડ મોડલ પૂર્વ વિદ્યાર્થીઓની મીટનું આયોજન કર્યું હતું. પૂર્વ વિદ્યાર્થીઓને ફરી મળવા (રિયુનિયન) અને એકબીજા સાથે ફરી જોડાવાના પ્રયાસને ટેકો આપવા દુનિયાભરમાંથી ૧૦૦થી વધારે પૂર્વ વિદ્યાર્થીઓ ડિજિટલી અને ફિઝિકલી જોડાયા હતા. આ મીટ અમદાવાદના મકેબા લોંજ કાફેમાં યોજાઈ હતી. આ નેટવર્કિંગ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર થયું હતું, જેમાં મહિલા ઉદ્યોગસાહસિકો અને ઈડીઆઈઆઈના ઈન્ટરપ્રિન્યોર્સને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ મીટથી પૂર્વ વિદ્યાર્થીઓને તેમની વચ્ચે નેટવર્ક ઊભું કરવા, એકબીજા સાથે જોડાણ કરવા અને સાથસહકાર આપવામાં મદદ મળી રહે તેવા ઉદ્દેશ્ય સાથે યોજવામાં આવ્યું હતું. આ મીટમાં મીડિયા મનોરંજન, રિયલ એસ્ટેટ, હસ્તાકળા, હેલ્થકેર, કૃષિ વગેરે જેવા વિવિધ ક્ષેત્રોમાં જોડાયેલ પૂર્વ વિદ્યાર્થીઓએ તેમના વ્યવસાયિક સાહસો વિશે તેમના અનુભવોની જાણકારી આપી હતી.

આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા પોસ્ટ-ગ્રેજ્યુએશન (આંત્રપ્રિન્યોરશિપ) ઓફર કરે છે, જે દુનિયાભરમાં ૨૦૦૦થી વધારે પૂર્વ વિદ્યાર્થીઓની મોટી સંખ્યા ધરાવે છે. જ્યારે નેટવર્કિંગની વાત આવે છે, ત્યારે ઈડીઆઈ એલ્યુમ્ની એસોસિયેશન સક્રિય છે.